| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૦૬/૦૭/૨૦૧૦ | | |
| દાખલ તારીખઃ– | ૦૬/૦૭/૨૦૧૦ | | |
| જજમેન્ટ તારીખઃ– | ૦૩/૦૪/૨૦૨૬ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિન |
| | ૧૫ | ૦૮ | ૨૮ |
| **આંકઃ–** | | | |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**<u>FORM-A</u>**

o-----------------------------------------o

**ધોળકાના મહે. એડી. જયુડીશીયલ મેજી. ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધોળકા.**

o-----------------------------------------o

**શ્રી પી.એમ.જોષી, એડી.જયુ.મેજી.ફ.ક., ધોળકા.**

**(ચુકાદા તારીખ : ૦૩/૦૪/૨૦૨૬ )**

**<u>ક્રીમીનલ કેસ નં. ૧૪૭૪/૨૦૧૦</u>**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | કોઠ પોલીસ સ્ટેશન |
| ગુનો : | પશુ સંરક્ષણ ધારાની કલમ– ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ |
| તહોમતનામા મુજબ તહોમત : | પશુ સંરક્ષણ ધારાની કલમ– ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી ધર્મેશ ઠાકોર |
| આરોપી/આરોપીઓ : | (૧) આરીફભાઈ સબ્બીરભાઈ હોતી<br>રહે મહુવા મોદીબાગ બસ સ્ટેન્ડ સામે જી.ભાવનગર<br>(૨) કીરીટજતી કાશીજતી |

| | |
|---|---|
| | રહે. પાણીયાળ તા. તળાજા જી. ભાવનગર<br>(૩) આયદાન નારૂભાઈ વાઘેલા<br>રહે. સનાલી તા. પોકાવાવ જી. અમરેલી |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | જે.સી.કીકાણી |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૦૫/૦૬/૨૦૧૦ |
| ફરિયાદની તારીખ : | ૦૫/૦૬/૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખ : | ૨૫/૦૬/૨૦૧૦ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | |
| ચુકાદા તારીખ : | ૦૩/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | |

| આરોપી નંબર | આરોપીનુ નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિતગ | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | (૧) આરીફભાઈ સબ્બીરભાઈ હોતી રહે મહુવા મોદીબાગ બસ સ્ટેન્ડ | – | – | પશુ સંરક્ષણ ધારાની કલમ– ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ | | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | સામે જી.ભાવનગર (૨) કીરીટજતી કાશીજતી રહે. પાણીયાળ તા. તળાજા જી. ભાવનગર (૩) આયદાન નારૂભાઈ વાઘેલા રહે. સનાલી તા. પોકાવાવ(C. R.P.C-299 મુજબ) જી. અમરેલી | | | | | | |

**FORM-C**

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવા :**

| અનુ. નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧. | જયેશભાઈ વસંતભાઈ રાણા | પંચસાહેદ | ૪૯ |
| ૨. | શૈલેશભાઈ હરજીભાઈ રબારી | પંચસાહેદ | ૫૨ |
| ૩. | રાયજીભાઈ ખાતુભાઈ ચૌહાણે | ફરીયાદી/ત.ક.અ. | ૫૩ |
| ૪. | સાહેદ હીતેષકુમાર ભગવતપ્રસાદે | સાહેદ | ૫૭ |

### (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૫૦ |
| ૨. | ફરીયાદ | ૫૫ |
| ૩. | સુચીપત્ર | ૫૬ |

**<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–</u>**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>–: JUDGEMENT :–</u>**

૧. ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા.૫/૬/૨૦૧૦ ના રોજ કલાક–૧૪/૧૫ વાગે મોજે ધોળકા વટામણ ચોકડી એપીએમસી માર્કેટ સામે આરોપી નં– ૧ નાએ પોતાની ગાડી ટાટા મેક્સ ડાલુ નંબર જીજે ૪ વાય ૨૮૯૦ માં

બે બળદ કિ.રૂ. ૨૦૦૦/− તથા આરોપી નંબર ૨,૩ નાએ પોતાની ગાડી છોટા હાથી નંબર જીજે ૪ વી ૫૮૫૪ માં બે જીવતા બળદ કિં.રૂ. ૨૦૦૦/− નાને ક્રુર રીતે દોરડાથી બાંધી ગાડીમાં ઘાસચારો તથા પાણીની સગવડ નહી રાખી પરમીટ વગર કતલખાને લઈ જતા પકડાઈ ગઈ ઈ.સ. ૧૯૫૪ ની પશુ સંરક્ષણ ધારા કલમ ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ મુજબનો ગુનો કરેલ અને તે બાબતની ફરીયાદ ફરીયાદી દ્વારા નોંધવામાં આવેલ તથા તપાસના અંતે ત.ક.અ.શ્રી ધ્વારા જરૂરી પુરાવાઓ એકત્રિત કરી આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ−૧૭૩(૨) મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ−૧૯૦ (૧) (ખ) આધારે આરોપી વિરૂધ્ધ ઈ.સ. ૧૯૫૪ ની પશુ સંરક્ષણ ધારા કલમ ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, કલમ−૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતા,કલમ−૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ−૨૪૦ મુજબ વિગતવારનુ તહોમતનામુ ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, કલમ−૨૪૨ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ત્યારબાદ પડેલ પુરાવા પરથી આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ−૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૪. ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રીએ ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

પ. સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરીયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્ધાઓ :-**

**મુદૃા નં.૧** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.પ/૬/૨૦૧૦ ના રોજ કલાક ૧૪/૧પ વાગે મોજે ધોળકા વટામણ ચોકડી એપીએમસી માર્કેટ સામે આરોપી નં- ૧ નાએ પોતાની ગાડી ટાટા મેક્સ ડાલુ નંબર જીજે ૪ વાય ૨૮૯૦ માં બે બળદ કિ.રૂ. ૨૦૦૦/- તથા આરોપી નંબર ૨,૩ નાએ પોતાની ગાડી છોટા હાથી નંબર જીજે ૪ વી પ૮પ૪ માં બે જીવતા બળદ કિં.રૂ. ૨૦૦૦/- નાને ક્રુર રીતે દોરડાથી બાંધી ગાડીમાં ઘાસચારો તથા પાણીની સગવડ નહી રાખી પરમીટ વગર કતલખાને લઈ જતા પકડાઈ ગઈ ઈ.સ. ૧૯પ૪ ની પશુ સંરક્ષણ ધારા કલમ પ,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદૃા નં.ર શું હુકમ કરવો જોઈએ ?

૬. ઉપરોકત મુદૃાઓના મારા ન્યાયિક નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબ છે.

**- ન્યાયિક નિર્ણયો -**

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## – <u>નિર્ણય માટેના કારણો</u> –

<u>મુદ્દા નં.૧</u> ::

૭. આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ,આ કામે આરોપી સામે જયારે ઈ.સ. ૧૯૫૪ ની પશુ સંરક્ષણ ધારા કલમ ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ મુજબ ના ગુન્હાનો આક્ષેપ છે,ત્યારે ફરીયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર થી શંકાથી પર સાબિત કરવાના રહે છે.

### <u>ફરીયાદપક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–</u>

૮. ફરીયાદપક્ષે આંક ૪૯ થી પંચસાહેદ જયેશભાઈ વસંતભાઈ રાણાએ તેમની સોગંદ પરની જુબાનીમા પંચનામાંની હકીકતન સમર્થન આપેલ નથી.

સદર પંચસાહેદ તેઓની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેમની ઉ.ત.કરવા છતાંયે તેમણે ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે પંચસાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેઓએ માત્ર તૈયાર લખેલા કાગળમા સહી કરેલી તે સીવાય તેઓ કશુ જાણતા નથી. જેથી ઉપરોકત પંચનામું આરોપીઓ વિરૂધ્ધ આધારભુત માની શકાય નહી.

૯. ફરીયાદપક્ષે આંક પ૨ થી સાહેદ શૈલેશભાઈ હરજીભાઈ રબારીએ પણ તેમની સોગંદ પરની જુબાનીમા ફરીયાદપક્ષ ના કેસને સમર્થન આપેલ નથી.

સદર પંચસાહેદ તેઓની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેમની ઉ.ત.કરવા છતાંયે તેમણે ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જ્યારે સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા એ વાત નો સ્વીકાર કરેલ છે કે પોલીસે તેઓનુ ફક્ત નામ સરનામુ પુછેલુ. તથા, પોલીસે તેઓના નામે કોઈ નીવેદન લખેલ હોય તો તે તેઓને જાણ નથી. તથા, પોલીસે તેઓની હાજરીમાં બનાવવાળા સ્થળના વાહનના કે બળદના કોઈ ફોટા લીધેલ નથી. તથા, તેઓએ ધોળકામા એપીએમસી માર્કેટ વટામણ ચોકડી વાળી જગ્યા જોયેલ છે. તથા, આ જગ્યાએ વાહનો તથા માણસોની અવરજવર રહેતી હોય છે. આરોપી નંબર ૨ તર્ફે ઉપરોક્ત ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે જયારે આરોપી નંબર ૩ તર્ફે સીઆરપીસી કલમ ૨૯૯ નો હુકમ હોય ઉલટતપાસ કરવામા આવેલ નથી.

૧૦. ફરીયાદપક્ષે આંક પ૩ થી ફરીયાદી/ત.ક.અ. રાયજીભાઈ ખાતુભાઈ ચૌહાણે સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે તા.પ/૬/૨૦૧૦ ના રોજ તેઓ ધોળકા પો.સ્ટે સંધીગેટ પોલીસ ચોકીએ એએસઆઈ તરીકેની ફરજ બજાવતો હતો તે દીવસે બપોરના આશરે એકાદ વાગ્યાના સમયે તેઓ તથા તેમની સાથેના પોલીસ કોન્સ્ટેબલ હીતેશભાઈ બંને જણા સીંધીગેટ પોલીસ ચોકી વિસ્તારના નવા શાકમાર્કેટ તથા વટામણ હાઈવે રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન ગામના શૈલેશભાઈ રબારીનો તેઓના પર ફોન આવેલ અને તેઓને જણાવેલ કે વટામણ રોડ ઉપર નેસડા બાજુ થી બે ગાડીઓ ઢોર ભરીને આવે છે તેવો ફોન આવતા તરત જ તેઓ અને તેમની સાથે ના હીતેશભાઈ બંને જણા વટામણ ચોકડી એટલે કે ધોળકા ખાતે આવી ગયેલા ત્યાં શૈલેશભાઈ તેમને મળેલા અને ઉપરની વાત કરતા તેઓએ તરત જ નજીકમાંથી બે રાહદારી માણસોને પંચ તરીકે બોલાવી માહીતીની જાણ કરી પંચો સાથે વટામણ ચોકડી ધોળકા ખાતે રોડ ઉપર ઉભા હતા ત્યારે નેસડા બાજુ થી બે વાહન આવતા તેઓએ ઈસારો કરી ગાડી

સાઈડમા ઉભી રખાવી પ્રથમ ગાડીમા જોતા જે ગાડી ટાટા મેક્ષ ડાલુ જેની ડ્રાઈવર સાઈડે બેઠેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ આરીફભાઈ સબ્બીરભાઈ હોતી ઠે.મોદીબાગ નવા બસ સ્ટેન્ડ પાસે તા.મહુઆ જી. ભાવનગર હોવાનુ જણાવેલ જે ગાડીનો આરટીઓ નંબર જોતા જીજે ૪ વાય ૨૮૯૦ જણાયેલ અને ગાડીની પાછળના ભાગે બે જીવતા લાલ કલરના બળદો ક્રુરતા પુર્વક બાંધેલા હતા અને ગાડીમા પાણી કે ઘાંસચારાની સગવડ ન હતી અને તે બાબતનુ પાસ પરમીટ માંગતા ન હોવાનુ જણાવેલ. આ બળદની ઉંમર આશરે ૬ થી ૭ વર્ષની હતી.બીજી ગાડી ને જોતા જેનો નંબર જીજે ૪વી ૫૮૫૪ જે છોટા હાથી જે વાહનના ડ્રાઈવર સીટ પર બેસેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ કીરીટ જતી કાસીજતી ગોસ્વામી ઠે.પાણીચાવી તા.તળાજા જી.ભાવનગર હોવાનુ જણાવેલ તેમજ કંડક્ટર સીટ ઉપર બેસેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ આયદાન નારુભાઈ વાઘેલા (દે.પુ.) ઠે. સનાલી તા.પોકાવાવ અમરેલી હોવાનુ જણાવેલ. સદર ગાડીના પાછળના ભાગે જોતા બે સફેલ કલરના બળદ બાંધેલ હતા અને તેમા પણ ઘાંસચારો કે પાણીની સગવડ ન હતી અને તે બાબતે પાસપરમીટ માંગતા ન હોવાનુ જણાવેલ. તથા ઉપરોક્ત રેડીંગ બાબતે આંક ૫૦ મુજબનુ પંચનામુ તેઓની રૂબરુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ જે પંચનામની વિગતે તમામ પશઓ તથા બંને વાહનો ની તમામની કુલ કીંમતો બે લાખ ઓગન્ત્રીસ હજાર ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા ઉપરોક્ત બનાવ અનુ. આરોપીઓ વિરુઘ્ધ સરકાર તરફે ફરીયાદી બની પશુ સંરક્ષણ ધારાની કલમો હેઠળ પીએસઓ રૂબરુ ફરીયાદ કરેલ જે આજ રોજ તેઓને બતાવવા મા આવે છે જેમા તેઓની સહી છે જેને તેઓ ઓળખે છે જે આ કામે આંક ૫૫ થી રજુ રાખવામા આવેલ.ત્યારબાદ સદર ફરીયાદ પીએસઓ તરફે ગુનો રજી. કરી તપાસ પરત સાધનીક કાગળો સાથે સોંપતા તેઓએ તપાસ સભાળી લીધેલ જેનો સુચીપત્ર આજ રોજ રજુ કરુ છુ તેમા પી.એસ.ઓની સહી છે જે તેઓ ઓળખી બતાવુ છુ જે આ કામે  આંક ૫૬ થી રજુ રાખવામા આવેલ. સદર કામે તપાસ સંભાળી લેતા લાગતા વળગતા સાહેદોના નીવેદનો મેળવેલ તથા આરોપીને અટક કરી નામ. કોર્ટ રૂબરુ રજુ કરેલ તથા તા. ૫/૬/૧૦ ના રોજ પ્રતી સંચાલક શ્રી ખાંડાઢોર પાંજરાપોળ ધોળકા નાઓને બળદ સાચવવા સારુ યાદી કરેલ જેમા તેઓની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૫૭ થી રજુ રાખેલ છે. ત્યારબાદ તપાસ અંતે આરોપીઓ વિરુઘ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા મળી આવતા નામ.કોર્ટમા

યોગ્ય સમય મર્યાદામા ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયે ઓળખી શકુ. જેમાથી આરોપી નંબર ૧ અને ૨ કોર્ટમા હાજર હોય ઓળખી બતાવુ છુ.

જ્યારે સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા એ વાત નો સ્વીકાર કરેલ છે કે સદર બનાવ કેટલા બન્યો તે સમય ફરીયાદમા લખાવેલ નથી. તથા, શૈલેશભાઈએ કયા ફોન નંબર ઉપરથી તેઓના કયા ફોન નંબર ઉપર ફોન કરેલ તે નંબરો ફરીયાદ મા લખાવેલ નથી. તથા, તેઓએ તેમની કે શૈલેશભાઈ ના ફોન ની કોઈ કોલ ડીટેલ કઢાવેલ નથી અને તે આ કામે રજુ પણ કરેલ નથી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે બનાવ સમયે બનાવવાળા રસ્તા પર વાહનો તથા માણસોની સતત અવર જવર રહેતી નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આજુ બાજુ એપીએમસી માર્કેટ તથા અન્ય દુકાનો તથા સરસ્વતી સ્કુલમા જવાનો રસ્તો આવેલ છે. તથા, બનાવવાળી જગ્યાએથી આસપાસમા આવેલી બેંકો તથા અન્ય વેપારી સંસ્થાનો તથા દુકાનોમા જવાનો રસ્તો આવેલ છે. તથા, તેઓએ જે પંચોને બોલાવેલા તે બનાવવાળી જગ્યાની આજુબાજુમા વેપાર કે કામ કરતા માણસો નથી. તથા, તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલા નથી. તથા, બનાવ વખતે તેઓ પાસે મોબાઈલ હતો. તથા, તેઓએ તેમની ફરીયાદની હકીકત સાબીત કરવા વાહન કે બળદોનો કે અન્ય કોઈ બાબતનો કે પરીસ્થીતીનો ફોટો લીધેલ નથી. તથા આ કામે ફરીયાદ પણ તેઓએ આપેલી છે અને તપાસ પણ તેઓએ જ કરેલી છે તેઓને આ કેસની તપાસ પી.એસ.ઓ રમણભાઈએ સોપેલી. તથા તેઓને તપાસ સોપાતી હતી તે સમયે તેઓએ રમણભાઈ ને તેવુ કહેલ નહી કે આ બનાવની ફરીયાદ તેઓએ જ કરેલ છે જેથી તપાસ તેઓને ન સોપો. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓની ફરીયાદને સમર્થન મળી રહે તે રીતની તેઓએ તપાસ કરી તેઓની જાતે પંચનામુ તથા સાહેદોના નીવેદનો લખી લઈ ખોટુ ચાર્જશીટ કરેલ અને તેના સમર્થન મા આજ રોજ ખોટી જુબાની આપે છે. એ વાત ખરી નથી કે આ કામના પંચો અવાર નવાર પોલીસ સ્ટેશને આવતા હોય છે.એ વાતની તેઓને ખબર નથી કે આ પંચો

ને પોલીસ સ્ટેશનના અલગ અલગ તપાસ કરનાર અધીકારીઓ અલગ અલગ કેસોમા પંચો તરીકે દર્શાવતા હોય છે. તેઓને ટાટા મેકસ ડાલાની લંબાઈ પહોળાઈ ખબર નથી. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે ટાટા મેકસ ડાલુ સામાન્ય જીપ કરતા મોટી સાઈઝનુ હોય છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે ટાટા મેકસ ડાલામા બે બળદો તથા બેથી વધુ બળદો ભરી શકાય તેટલી જગ્યા હોય છે. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે કે ટાટા મેકસ ડાલા મા જો બળદોને પીવા માટે પાણી ની વ્યવસ્થા કરવામા આવે તો તે ઢોળાઈ જતુ હોય છે જેથી તે બળદોને પાણી પીવાની વ્યવસ્થા બળદોને રસ્તામા ઉતારીને કરવામા આવતી હોય છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે જો બળદોને ઉતારવામા ન આવે તો તેમને ડોલમા પાણી આપીને પાણી પીવડાવી શકાય છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે જો બળદોને અગાઉથી ઘાસ ચારો અગાઉથી ચરાવી લીધો હોય તો તેની તેઓને ખબર પડે નહી. તથા, આરોપીઓ બળદોને કતલ ખાને લઈ જતા હોય તેવો કોઈ પુરાવો તેઓની તપાસમા મળી આવેલ નથી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓની કરેલી ફરીયાદને ખોટી રીતે સાબીત કરવા માટે તેઓએ જાતે તૈયાર પંચનામાની અંદર પંચોને પાછળથી બોલાવી સહીઓ લીધેલી છે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓની ફરીયાદને સાબીત કરવા સાહેદના નીવેદન પણ તેમની જાણ બહાર તેઓએ જાત લખી લીધેલા છે. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે હાલના આરોપી વિરુધ્ધ ફરીયાદમા કરેલા આક્ષેપો સંદર્ભે કોઈ પણ પુરાવો ન હોવા છતા તેઓની કરેલી ફરીયાદ અને તપાસની કામગીરી બતાવવા માટે આરોપી વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ રજુ કરેલ છે અને આજ રોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

૧૧. ફરીયાદપક્ષે આંક ૫૭ થી સાહેદ હીતેષકુમાર ભગવતપ્રસાદે સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, તા.૫/૬/૨૦૧૦ ના રોજ તેઓ ધોળકા પો.સ્ટે સંધીગેટ પોલીસ ચોકીએ પો.કો. તરીકેની ફરજ બજાવતો હતો તે દીવસે બપોરના આશરે એકાદ વાગ્યાના સમયે તેઓ તથા તેમની સાથેના પોલીસ

કોન્સ્ટેબલ હીતેશભાઈ બંને જણા સીંધીગેટ પોલીસ ચોકી વિસ્તારના નવા શાકમાર્કેટ તથા વટામણ હાઈવે રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન ગામના શૈલેશભાઈ રબારીનો તેઓના પર ફોન આવેલ અને તેમને જણાવેલ કે વટામણ રોડ ઉપર નેસડા બાજુ થી બે ગાડીઓ ઢોર ભરીને આવે છે તેવો ફોન આવતા તરત જ તેઓ અને તેમની સાથે ના હીતેશભાઈ બંને જણા વટામણ ચોકડી એટલે કે ધોળકા ખાતે આવી ગયેલા ત્યાં શૈલેશભાઈ તેમને મળેલા અને ઉપરની વાત કરતા તેઓએ તરત જ નજીકમાંથી બે રાહદારી માણસોને પંચ તરીકે બોલાવી માહીતીની જાણ કરી પંચો સાથે વટામણ ચોકડી ધોળકા ખાતે રોડ ઉપર ઉભા હતા ત્યારે નેસડા બાજુ થી બે વાહન આવતા તેઓએ ઈસારો કરી ગાડી સાઈડમા ઉભી રખાવી પ્રથમ ગાડીમા જોતા જે ગાડી ટાટા મેક્ષ ડાલુ જેની ડ્રાઈવર સાઈડે બેઠેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ આરીફભાઈ સબ્બીરભાઈ હોતી ઠે.મોદીબાગ નવા બસ સ્ટેન્ડ પાસે તા.મહુઆ જી. ભાવનગર હોવાનુ જણાવેલ જે ગાડીનો આરટીઓ નંબર જોતા જીજે ૪ વાય ૨૮૯૦ જણાયેલ અને ગાડીની પાછળના ભાગે બે જીવતા લાલ કલરના બળદો ક્રુરતા પુર્વક બાંધેલા હતા અને ગાડીમા પાણી કે ઘાંસચારાની સગવડ ન હતી અને તે બાબતનુ પાસ પરમીટ માંગતા ન હોવાનુ જણાવેલ. આ બળદની ઉંમર આશરે ૬ થી ૭ વર્ષની હતી.બીજી ગાડી ને જોતા જેનો નંબર જીજે ૪વી ૫૮૫૪ જે છોટા હાથી જે વાહનના ડ્રાઈવર સીટ પર બેસેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ કીરીટ જતી કાસીજતી ગોસ્વામી ઠે.પાણીચાવી તા.તળાજા જી.ભાવનગર હોવાનુ જણાવેલ તેમજ કંડક્ટર સીટ ઉપર બેસેલ ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ આયદાન નારુભાઈ વાઘેલા (દે.પુ.) ઠે. સનાલી તા.પોકાવાવ અમરેલી હોવાનુ જણાવેલ. સદર ગાડીના પાછળના ભાગે જોતા બે સફેલ કલરના બળદ બાંધેલ હતા અને તેમા પણ ઘાંસચારો કે પાણીની સગવડ ન હતી અને તે બાબતે પાસપરમીટ માંગતા ન હોવાનુ જણાવેલ. તથા ઉપરોક્ત રેડીંગ બાબતે આંક ૫૦ મુજબનુ પંચનામુ તેઓના રૂબરુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ જે પંચનામની વિગતે તમામ પશુઓ તથા બંને વાહનો ની તમામની કુલ કીંમતો બે લાખ ઓગન્ત્રીસ હજાર ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા ઉપરોક્ત બનાવ અનુ. આરોપીઓ વિરુધ્ધ સરકાર તરફે ફરીયાદી રાયજીભાઈ ખાતુજીએ પશુ સંરક્ષણ ધારાની કલમો હેઠળ પીએસઓ રૂબરુ ફરીયાદ કરેલ.તે બનાવ બાબતે ત.ક.અ શ્રી એ તેઓનુ નિવેદન નોધેલ. તેઓ આરોપીને જોએ ઓળખી શકે.

જ્યારે સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સદર બનાવ કેટલા બન્યો તે સમય તેઓના નિવેદનમાં લખાવેલ નથી. તથા, શૈલેશભાઈએ કયા ફોન નંબર ઉપરથી તેઓના કયા ફોન નંબર ઉપર ફોન કરેલ તે નંબરો નિવેદન મા લખાવેલ નથી. તથા, તેઓ ઉપર કોઈ ફોન આવેલ નહી. તથા, બનાવ સમયે બનાવવાળા રસ્તા પર એપી એમ શી માર્કેટ તથા અન્ય દુકાનો તથા સ્કુલમાં જવાનુ રસ્તો હોય વાહનો તથા માણસોની સતત અવર જવર રહેતી હતી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે પંચનામુ પંચો રૂબરૂ થયેલ નથી અને તૈયાર લખેલા કાગળમાં પંચોની સહી કરવામાં આવેલ. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે તેઓની પાસે મોબાઈલ ફોન હતો. તથા, તેઓએ તેમના ફોન થી બનાવમાં સંડોવાયેલ વાહન કે તેના ચાલક કે પશુઓના ફોટા લીધેલા નથી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે આ કામના ફરીયાદી તેઓના સાથી કર્મી હોય અને તેઓએ ખોટી ફરીયાદ આપેલ હોવા છતા તથા ખોટી ચાર્જશીટ કરેલ હોવા છતા તેમના સમર્થનમાં આજ રોજ તેઓ ખોટી જુબાની આપે છે.

આરોપી નંબર ૨ તર્ફે ઉપરોક્ત ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

આરોપી નંબર ૩ તર્ફે સીઆરપીસી કલમ ૨૯૯ નો હુકમ હોય ઉલટતપાસ નથી.

૧૨. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક તથા લેખીત દસ્તાવેજી પુરાવાઓનું તટસ્થ મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓ વિરુધ્ધ પશુ સંરક્ષણધારા ૧૯૫૪ ની કલમ ૫,૬,૮ તથા પશુઓ પ્રત્યે ધાતકીપણાની કલમ ૧૧ (ડી)(એલ) મુજબનો આક્ષેપીત ગુન્હો છે. આ કામે આંક–૫૦ થી રજુ પંચનામાના પંચ સાહેદ હોસ્ટાઈલ થયેલ હોય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન પુરુ પાડેલ ન હોય તેઓની જુબાનીથી પંચનામાના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. વધુમાં સદર કામે ફરીયાદીએ તેઓની ઉલટ તપાસમાં સદર બનાવ બન્યો તે સમય ફરીયાદમા લખાવેલ નથી તથા, શૈલેશભાઈએ કયા ફોન નંબર ઉપરથી તેઓના કયા ફોન નંબર ઉપર ફોન કરેલ તે નંબરો ફરીયાદમા લખાવેલ નથી. તથા, તેઓએ તેમની કે શૈલેશભાઈ ના ફોન ની કોઈ કોલ ડીટેલ કઢાવેલ નથી અને તે આ કામે રજુ પણ

કરેલ નથી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવ સમયે બનાવવાળા રસ્તા પર વાહનો તથા માણસોની સતત અવર જવર રહેતી નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આજુ બાજુ એપીએમસી માર્કેટ તથા અન્ય દુકાનો તથા સરસ્વતી સ્કુલમા જવાનો રસ્તો આવેલ છે. તથા, બનાવવાળી જગ્યાએથી આસપાસમા આવેલી બેંકો તથા અન્ય વેપારી સંસ્થાનો તથા દુકાનોમા જવાનો રસ્તો આવેલ છે. તથા, તેઓએ જે પંચોને બોલાવેલા તે બનાવવાળી જગ્યાની આજુબાજુમા વેપાર કે કામ કરતા માણસો નથી. તથા, તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલા નથી. તથા, બનાવ વખતે તેઓ પાસે મોબાઈલ હતો. તથા, તેઓએ તેમની ફરીયાદની હકીકત સાબીત કરવા વાહન કે બળદોનો કે અન્ય કોઈ બાબતનો કે પરીસ્થીતીનો ફોટો લીધેલ નથી. તથા આ કામે ફરીયાદ પણ તેઓએ આપેલી છે અને તપાસ પણ તેઓએ જ કરેલી છે તેઓને આ કેસની તપાસ પી.એસ.ઓ રમણભાઈએ સોપેલી. તથા તેઓને તપાસ સોપાતી હતી તે સમયે તેઓએ રમણભાઈ ને તેવુ કહેલ નહી કે આ બનાવની ફરીયાદ તેઓએ જ કરેલ છે જેથી તપાસ તેઓને ન સોપો. તેઓએ તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે ટાટા મેકસ ડાલુ સામાન્ય જીપ કરતા મોટી સાઈઝનુ હોય છે. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે ટાટા મેકસ ડાલામા બે બળદો તથા બેથી વધુ બળદો ભરી શકાય તેટલી જગ્યા હોય છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે જો બળદોને ઉતારવામા ન આવે તો તેમને ડોલમા પાણી આપીને પાણી પીવડાવી શકાય છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે જો બળદોને અગાઉથી ઘાસ ચારો અગાઉથી ચરાવી લીધો હોય તો તેની તેઓને ખબર પડે નહી. તથા,આરોપીઓ બળદોને કતલ ખાને લઈ જતા હોય તેવો કોઈ પુરાવો તેઓની તપાસમા મળી આવેલ નથી તેવુ કબુલ કરેલ છે. વધુમાં જે જગ્યાએથી વાહન પકડાયેલ તે જાહેર જગ્યા હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન તપાસ કરનાર અમલદાર ધ્વારા લેવામાં આવેલા નથી. વધુમાં આ કામે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો પશુ પ્રત્યે ઘાતકીપણા અને પશુ સરંક્ષણધારા હેઠળનો છે.

પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫ વંચાણે લેતાં તેમાં જે કેટેગરીના પશુ ધન જણાવેલ છે તે પ્રમાણેના આ કામે પશુ ધન જણાઈ આવતા નથી એટલે કે કાયદાથી જે પશુધન પ્રોહીબીટ કરવામાં આવેલા છે તે પશુધન આ કામે કબજે થયેલા નથી તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. જેથી પશુ સંરક્ષણ અધિનિયમ ની કલમ–૫,૬ કે ૮ મુજબનો ગુનો થયાનું પુરવાર થતું નથી. વધુમાં, પંચો ફરી ગયેલા જાહેર થયેલા હોવાથી પશુને વાહનમાં જોયેલાનું જણાવતાં ન હોઈ, પશુ પ્રત્યે ઘાતકીપણું કરવામાં આવેલ હતું તે પણ લેશમાત્ર સાબીત થતું નથી. જેથી પશુ ક્રુરતા અધિનિયમની કલમ–૧૧(ડી) મુજબનો ગુનો પણ સાબીત થતો નથી. આ સંજોગોમા પશુઓની હાજરીને માનવામાં આવે તો પણ પશુઓ પ્રત્યે ઘાતકીપણુ હતુ અને ક્રુરતા રાખવામાં આવેલ હતી તેવી હકિકત રજુ થયેલ પુરાવાથી ફલીત થતી નથી. વધુમાં **એ.આઈ. આર.૧૯૯૫ (એસ.સી.)પાન નંબર ૨૩૩૯,મેઘાસીંગ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ હરીયાણા** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવો સિઘ્ધાંત પ્રસ્થાપીત કરે છે કે, જયારે ફરીયાદીએ તપાસ કરેલી હોય ત્યારે તેવી તપાસ શંકાથી પર થયેલ છે તેમ સ્વીકારી શકાય નહી. વધુમાં **નામ.ગુજરાત વડી અદાલતે સ્ટેટ ઓફ ગુજરાત વિ. યાદવેન્દસિંહ સરદાર સુરજીતસિંગ જાટ ૨૦૧૬(૪) પેજનં.૩૧૫૯** ના કેસમાં જે પોલીસ અધીકારી ઘ્વારા ફરીયાદ દાખલ કરવામા આવેલ તે પોલીસ અધીકારી ઘ્વારા જ તપાસ કરવામાં આવે જેમા ના.ગુજરાત વડી અદાલતે ઠરાવ્યુ કે દુષીત તપાસ છે આવી દુષીત તપાસના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી. આમ ત.ક. અમલદારના પુરાવા ઉપર શંકા ઉત્પન્ન થતી હોવાનુ જણાય આવે છે અને આમ, ફરીયાદીપક્ષ સદર સાહેદના પુરાવાથી પણ આરોપી વિરૂઘ્ઘનો હાલનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. અને આમ ફરીયાદપક્ષ સદર સાહેદના પુરાવાથી પણ આરોપી વિરૂઘ્ઘનો હાલનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે જે મુજબ જે સરકારી સાહેદ ઘ્વારા ફરીયાદ કરવામાં આવેલ હોય તે પોતે હિત ધરાવનાર સાહેદ હોવાના કારણે ગુનાની તપાસ પણ પોતે

કરી ન શકે. આમ, તેઓની કામગીરી ખરેખર શંકા ઉપજાવનારી જણાય આવે છે. કારણ કે બનાવ સ્થળે એપીએમસી માર્કેટ તથા અન્ય દુકાનો આવેલ હોય માણસોની અને વાહનોની અવરજવર હોય તેવી હકીકત તપાસ કરનાર અમલદારે પોતે પણ કબુલ રાખેલ છે. તેમ છતાં હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. માત્ર ઓફીસ સ્ટાફના માણસોના જ નિવેદન લેવામાં આવેલ હોય તેવી હકીકત કબુલ રાખેલ છે. આમ, ફરિયાદ પક્ષનો પુરાવો જોતાં સદર બનાવ બનેલ છે કે કેમ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. જે શંકાનો લાભ ચોક્કસપણે આરોપીને મળવા પાત્ર છે. વધુમાં, આ તબક્કે ફોજદારીધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ પોતાનાં જ પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને ફરિયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશાં આરોપીને મળે. આમ, ફરિયાદપક્ષે કોઈ સમર્થનકારી પુરાવા તરીકે કોઈ વિશેષ પુરાવો રજુ કરેલ નથી.

વધુમાં, **૧૯૯૬(૩) ક્રાઈમ્સ, પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન**નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જ્યારે મહત્વનાં સાહેદો ફરિયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કેઃ– When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

૧૩. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને લેતાં, આ કામના આરોપીએ તા.૫/૬/૨૦૧૦ ના રોજ કલાક ૧૪/૧૫ વાગે મોજે ધોળકા વટામણ ચોકડી એપીએમસી માર્કેટ સામે આરોપી નં–૧ નાએ પોતાની ગાડી ટાટા મેક્સ ડાલુ નંબર જીજે ૪ વાય ૨૮૯૦ માં બે બળદ

કિ.રૂ. ૨૦૦૦/– તથા આરોપી નંબર ૨,૩ નાએ પોતાની ગાડી છોટા હાથી નંબર જીજે ૪ વી ૫૮૫૪ માં બે જીવતા બળદ કિં.રૂ. ૨૦૦૦/– નાને ક્રુર રીતે દોરડાથી બાંધી ગાડીમાં ઘાસચારો તથા પાણીની સગવડ નહી રાખી પરમીટ વગર કતલખાને લઈ જતા પકડાઈ ગઈ ઈ.સ. ૧૯૫૪ ની પશુ સંરક્ષણ ધારા કલમ ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ મુજબનો ગુનાનો આક્ષેપ કરેલ છે, જે હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોક્ત હકીકત જોતાં આરોપી સામેનો આક્ષેપિત ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમા ફરીયાદપક્ષ ધ્વારા રજુ રાખવામા આવેલ પુરાવો આ કામના આરોપી ન.૩ ની સામે વચાણે લેવામા આવે તો પણ તેમની સામેનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરી શકે તેમની નથી જેથી મુદ્દા નં.૧ જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:<u>હુ ક મ :–</u>

૧. ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩, કલમ–૨૪૮(૧) અન્વયે આરોપીઓ (૧) આરીફભાઈ સબ્બીરભાઈ હોતી રહે મહુવા મોદીબાગ બસ સ્ટેન્ડ સામે જી.ભાવનગર (૨) કીરીટજતી કાશીજતી રહે. પાણીયાળ તા. તળાજા જી.ભાવનગર (૩) આયદાન નારૂભાઈ વાઘેલા(સી.આર.પી.સી.૨૯૯) રહે.સનાલી તા.પોકાવાવ જી. અમરેલીના ઓને પશુ સંરક્ષણ ધારાની કલમ– ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ ડી.એલ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા ક્રિ. પ્રો.કો.–કલમ:– ૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે આરોપીના રુા. ૫૦૦૦/– (અંકે રુપીયા પાંચ હજાર) ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુદામાલ વાહન તથા બળદ અંગે જો વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે આથી કાયમ રાખવામા આવે છે અન્યથા તેના માલીકની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

**<u>ચુકાદો:–</u>** આજ રોજ તા. ૦૩જી, માંહે –એપ્રિલ સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ધોળકા.
તા : ૦૩/૦૪ / ૨૦૨૬

(પ્રહલાદકુમાર મુળશંકર જોષી )
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ધોળકા.
કોડ નં. જીજે–૦૧૭૧૬.